SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-2, January to March : 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# સોક્રેટીસનું તત્વચિંતન

*ડૉ.દેવેન્દ્રસિંહ એ. રાઠોડ*

***શોધ સારાંશ***

***અહીં આપણે મહાન દાર્શનિક ફિલોસોફર સોક્રેટીસના જીવન વિષે અને તેમનાં દ્વારા આપવામાં આવેલ ફિલોસોફીના સિદ્ધાંતો, સોક્રેટીક પદ્ધતિ તેમજ તેમનાં નૈતિક વિચારોનો અભ્યાસ કરીશું. અને સમજવાનો પ્રયત્ન કરીશું કે તેમનું આ જ્ઞાન જે તે સમયના સંદર્ભમાં સમાજ માટે કેટલું ઉપયોગી સાબિત થયું હશે. પ્લેટો જેવા મહાન ફિલોસોફર વિશ્વને આપવાનું કામ આ મહાન વ્યક્તિએ કર્યું છે. તેમણે તેમનાં જીવનમાં કઈ લખ્યું નથી પણ છતાં આજે ફિલોસોફીના ઇતિહાસમાં તેમનું નામ ગૌરવપૂર્ણ રીતે લેવામાં આવે છે.***

***કી વર્ડ :***

***તત્વજ્ઞાન-તત્વજ્ઞાન એટલે તત્વોનું જ્ઞાન, જેનો જન્મ પણ નથી, અને જેનું મૃત્યુ પણ નથી.***

***નીતિશાસ્ત્ર-કોઈ પણ કાર્ય નૈતિક દ્દષ્ટિએ સારું છે કે ખરાબ તે અંગેનો નિર્ણય તે કાર્યોનાં પરિણામો સારાં આવ્યા છે કે ખરાબ તેને આધારે જ કરવો જોઈએ.***

***સદ્દગુણ-સારા ગુણો***

***નૈતિક વિચારો- નૈતિક આચરણમાં સારા વિચારો***

***એલેન્ચસ (ઉલટ તપાસ) - એક પદ્ધતિ જેમાં તે અન્ય વ્યક્તિના દાવાઓને રદિયો આપશે.***

***ડાયાલેક્ટિકલ પદ્ધતિ : દ્વંદ્વયુક્ત પદ્ધતિ***

**પ્રસ્તાવના :**

સોક્રેટીસએ એક એવા વ્યક્તિ છે કે જેમણે વિશ્વના સાંસ્કૃતિક અને બૌદ્ધિક વિકાસને એવો આકાર આપ્યો છે કે તેના વિના કદાચ ઇતિહાસ ખૂબ જ અલગ હોત. સોક્રેટીસ અત્યંત મહત્વપૂર્ણ ગ્રીક ફિલસૂફ હતા. તેમની પહેલાં આવેલા મોટાભાગના પૂર્વ-સોક્રેટિક ફિલસૂફોથી તેઓ વિપરીત હતા તેઓ વિશ્વ કેવી રીતે કાર્ય કરે છે તે સ્થાપિત કરવામાં વધુ રસ ધરાવતા હતા. સોક્રેટીસ લોકોએ કેવી રીતે વર્તવું જોઈએ તે બાબતથી વધુ ચિંતિત રહેતા હતા, અને તેથી કદાચ એથિક્સના પ્રથમ મુખ્ય ફિલસૂફ તરીકે તેમની ગણના કરવામાં આવે છે. તેઓ પ્રશ્ન અને જવાબની સોક્રેટિક પદ્ધતિ સાથેના તેમના જોડાણ માટે અને તેમના દાવા માટે જાણીતા છે. તેઓ પ્લેટો માટે પ્રેરણારૂપ હતા, જેને વ્યાપકપણે પશ્ચિમી દાર્શનિક પરંપરાના સ્થાપક માનવામાં આવે છે. પ્લેટોએ પાછળથી એરિસ્ટોટલના શિક્ષક તરીકે સેવા આપી, આમ પ્રાચીન ફિલસૂફોની પ્રખ્યાત ત્રિપુટીમાં આપણે સોક્રેટીસ, પ્લેટો અને એરિસ્ટોટલને ગણી શકીએ.

સોક્રેટીસનો જન્મ ગ્રીસના એથેન્સમાં ઈ.પૂ.469 માં થયો હતો. તેઓ લગભગ 70 વર્ષ જીવ્યા અને ઈ.પૂ.399 માં તેમનું મૃત્યુ થયું. તે સમયના યુવાનોને ગેરમાર્ગે દોરવાના આરોપસર તેનમે મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી. તેમનાં બાળપણ વિષે કોઈ ઉલ્લેખ નથી પરંતુ અઢાર વર્ષની ઉંમરે તેઓ લશ્કરી સેવામાં દાખલ થયા ત્યાં સુધી તેમણે તેમનો શાળાકીય અભ્યાસ એથેન્સમાં જ લીધો હશે તેમ માનવામાં આવે છે. વિવિધ સ્ત્રોતોમાંથી મળતી માહિતી મૂજબ સ્પાર્ટા સાથેના યુદ્ધમાં એથેન્સ તરફથી સોક્રેટીસે યુધ્ધમાં ભાગ લીધો હતો. યુદ્ધ પૂરું થયા પછી તેમણે લશ્કરી સેવામાંથી મુક્ત થઈ અને પોતાના બાળકોના ઉછેર માટે પથ્થર કાપવાનું કામ કર્યું. તેની પત્નીનું નામ 'ઝેન્થિપ્પ' હતું. તેમને ત્રણ પુત્રો હતા જેમનું નામ લેમ્પ્રોક્લ્સ , સોફ્રોનિસ્કસ અને મેનેક્સેનસ હતું. સોક્રેટીસના પિતા એક શિલ્પકાર હતા તેમનું નામ 'સોફ્રોનિસ્કસ' હતું. તેઓ એથેન્સના એક પ્રતિષ્ઠિત નાગરિક હતા. સોક્રેટીસે પિતા સાથે શિલ્પકાર તરીકેનું કામ પણ કર્યું અને બે શિલ્પકૃતિઓ ત્યાર કરી

 *ડૉ.દેવેન્દ્રસિંહ એ. રાઠોડ, આસિસ્ટન્ટ પ્રોફેસર (રાજ્યશાસ્ત્ર વિભાગ), ડી.કે.વી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, જામનગર, ૩૬૧૦૦૮, મો.નં. – ૯૪૨૯૨૩૩૧૯૬, ઈ-મેઈલ - darathod55@gmail.com*

"હર્મીસ" અને "ધ થ્રી ગ્રેસ". સોક્રેટીસ, પ્રાચીન ગ્રીક ફિલસૂફ, પશ્ચિમી ફિલસૂફીના સ્થાપકોમાંના એક તરીકે ઓળખાય છે અને તેમણે તેમના સમય અને પછીની પેઢીઓના રાજકીય વિચારને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમનું જીવન અને ઉપદેશો આકર્ષક અને ચર્ચાનો વિષય છે. તેમનાં પહેલાં ગ્રીકમાં ઘણાં વિચારકો થઈ ગયા છતાં સોક્રેટીસને પશ્ચિમી ફિલસૂફીના પિતા તરીકે ઓળખવામાં આવે છે.

સોક્રેટીસે કોઈ લખાણ કર્યું નથી, તેમનાં વિષે આપણે જે જાણીએ છીએ તે અન્ય લોકોના લખાણો પરથી મળેલ માહિતી છે. તેમનાં જીવનકાળ પછી તેમનાં વિષે લખવાનું કામ પ્લેટો અને ઝેનોફોનએ કરેલું છે. પ્લેટો તેમનાં શિષ્ય હતા. અને પ્લેટોના ઘણાં લખાણોમાં તેમણે સોક્રેટીસનો ઉલ્લેખ કરેલો છે. પ્લેટો પોતાની તુલના પોતાના શિક્ષક સોક્રેટીસ સાથે કરતાં હતા. તેમનાં અન્ય વિદ્યાર્થીઓમાં અલ્સિબિએડ્સ, એરિસ્ટિપસ, એન્ટિસ્ટેનિસ, ક્રિટો નો સમાવેશ થાય છે. પોતાના વિદ્યાર્થીઓને સોક્રેટીસ મફતમાં શિક્ષણ આપતા હતા.

**સોક્રેટીસનું ફિલસૂફીમાં યોગદાન :**

સોક્રેટીસે એક વાત વારંવાર કહેલી છે. "પરીક્ષા વિનાનું જીવન જીવવા યોગ્ય નથી." સોક્રેટીસ માનતા હતા કે વ્યક્તિ એ જ્ઞાની બનવા માટે , પહેલાં પોતાની જાતને સમજવા માટે સક્ષમ થવું જોઈએ. તેઓ માનતા હતા કે લોકોએ ભૌતિક વસ્તુઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે તેમના સ્વનો વિકાસ કરવો જોઈએ, અને તેમણે સારા અભિનય અને સારા હોવા વચ્ચેના તફાવતને સમજવાની કોશિશ કરવી જોઈએ. વ્યક્તિની ક્રિયાઓ તેની બુદ્ધિ અને અજ્ઞાનતા સાથે સીધી રીતે સંબંધિત હોય છે.

તેમણે આપેલી ડાયાલેક્ટિકલ પદ્ધતિમાં ચર્ચા અને દલીલનું એક સ્વરૂપ જોવા મળે છે. તેમાં સહભાગી થનાર વ્યક્તિ સંવાદ દ્વારા જે તે વિષયની સમજણ મેળવશે. અને આ પ્રક્રિયાથી વ્યક્તિની તે વિષય પરની તેની જે માન્યતાઓ હશે તે સાચી છે કે નહી તે શોધવામાં તેને વિવિધ વિભાવનાઓ અને યોગ્ય સમજણથી મદદ મળશે.

સોક્રેટીસ બૌદ્ધિક બાબતમાં વિનમ્ર વ્યક્તિ હતા. તેમની બૌદ્ધિક નમ્રતા વાળું આ વ્યક્તિત્વ માનવ જ્ઞાનની મર્યાદાઓ અને પોતાની માન્યતાઓ પર પ્રશ્ન કરવાના મહત્વની તેમની સ્વીકૃતિને રેખાંકિત કરે છે.

**સોક્રેટિક પદ્ધતિ**

સોક્રેટીસ તેમની સોક્રેટીક પદ્ધતિ માટે સૌથી વધુ પ્રખ્યાત છે. આ પદ્ધતિ મૂજબ સોક્રેટીસ અને એક વિદ્યાર્થી કોઈ ચોક્કસ મુદ્દા પર ચર્ચા કરશે અને શ્રેણીબદ્ધ પ્રશ્નો દ્વારા સોક્રેટીસ તે વ્યક્તિની માન્યતાઓ અને લાગણીઓને કેવી રીતે આકાર આપવામાં આવી તેની પાછળના પ્રેરક બળને શોધવાનું શરૂ કરશે અને આમ કરવાથી તે સત્યની નજીક જશે. સતત પ્રશ્નો પૂછવાની સાથે  સોક્રેટીસ વ્યક્તિગત વિચારની રીતમાં વિરોધાભાસને ઉજાગર કરવામાં સક્ષમ હતા અને તેનાં દ્વારા તે નક્કર નિષ્કર્ષ પર પહોચતા હતા.

સોક્રેટિસે આ માટે એલેન્ચસ(ઉલટ તપાસ)નો ઉપયોગ કર્યો છે. અહીં એલેન્ચસના પગલાં આપેલ છે:
એક વ્યક્તિ સોક્રેટીસને કોઈ નિવેદન આપશે, જેને સોક્રેટીસ નકારશે અથવા રદિયો આપશે અથવા સોક્રેટીસ અન્ય વ્યક્તિને પ્રશ્ન પૂછી પૂછશે જેમ કે, "હિંમત એટલે શું?"

બીજી વ્યક્તિ તેનો જવાબ આપે એ પછી સોક્રેટીસ એક એવા દશ્ય વિશે વિચારશે જ્યાં તેનો જવાબ ન હોય, અને તેને તેનું મૂળ નિવેદન ખોટું હોવાનું માની લેવાનું કહેશે. ઉદાહરણ તરીકે, જો બીજી વ્યક્તિ હિંમતને "આત્માની સહનશક્તિ" તરીકે ઓળખાવે છે, તો સોક્રેટીસ આ દાવાને એમ કહીને રદિયો આપી શકે છે કે "હિંમત એ સારી વસ્તુ છે," જ્યારે "અજ્ઞાન સહનશીલતા એ સારી વસ્તુ નથી."

જયારે એ વ્યક્તિ આ દાવા સાથે સંમત થશે ત્યારે સોક્રેટીસ પછી નિયમમાં અપવાદને સમજાવવા માટે નિવેદનમાં ફેરફાર કરશે.

આમ કરીને સોક્રેટીસ એવું સાબિત કરશે કે વ્યક્તિનું નિવેદન ખોટું છે અને નકાર હકીકતમાં સાચી છે. જેમ જેમ અન્ય વ્યક્તિ તેના જવાબમાં ફેરફાર કરવાનું ચાલુ રાખશે તેમ તેમ સોક્રેટીસ તેનું ખંડન કરવાનું ચાલુ રાખશે અને આમ કરીને તે વ્યક્તિને તેનાં જવાબમાં વાસ્તવિક સત્યની વધુ નજીક લઈ જશે.

સોક્રેટીસે હમેશાં ડોળ કર્યો છે કે તેને કોઈ જવાબો ખબર નથી. તેણે હમેશ એવું વિચાર્યું છે કે અજ્ઞાનતા અને અન્ય લોકો પાસેથી શીખવાની ઇચ્છા એ સત્યને ઉજાગર કરવા અથવા તેમને મળેલા જવાબોની ભૂલને છતી કરવા માટે યોગ્ય આધારભૂત બાબત હતી. તેણે કહ્યું છે કે, 'હું માત્ર એટલું જ જાણું છું કે હું કંઈપણ જાણતો નથી.'
કોઈપણ પદ્ધતિની જેમ, આ પદ્ધતિમાં પણ ખામીઓ છે. પરંતુ પશ્ચિમમાં જ્ઞાનની પ્રથમ સંપૂર્ણ સુવિધાયુક્ત પદ્ધતિ તરીકેની કોઈ પદ્ધતિ હોય તો તે સોક્રેટીક પદ્ધતિ છે.

**ડાયાલેક્ટિક પદ્ધતિ :**

ડાયાલેક્ટિક પદ્ધતિ સોક્રેટીક પદ્ધતિ કરતાં વધુ પ્લેટોનિક હોવાનું માનવામાં આવે છે. ગ્રીક 'ડાયલેગેસ્ટાઈ'નો સામાન્ય રીતે અર્થ થાય છે "વાતચીત કરવી" અથવા "ચર્ચા કરવી" આથી સોક્રેટીસ જયારે આ પ્રકારની ચર્ચા કરવાની વાત કરે છે ત્યારે તે એવું કહેવા માંગે છે કે લાંબા ભાષણોના વિરોધમાં ટૂંકા પ્રશ્નો અને જવાબો આપવા.

પ્લેટોએ ડાયાલેક્ટિક પદ્ધતિની અન્ય બે વ્યાખ્યાઓ પણ આપેલી છે જેમકે, ડાયાલેક્ટિકલ વિચારસરણી, જે ઇન્દ્રિયોનો ઉપયોગ કરતી નથી અને પૂર્વધારણાઓથી આગળ પ્રથમ સિદ્ધાંતો સુધી જાય છે. અને બીજી વ્યાખ્યામાં એમના દ્વારા ડાયાલેક્ટિકને સંગ્રહ અને વિભાજનની પદ્ધતિ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. વ્યક્તિ એક પ્રકારની વસ્તુઓને ભેગી કરે છે કે જે એક રીતે વિખરાયેલી પડી હોય છે અને પછી દરેકને તેને તેની જાતિ અનુસાર અલગ પાડે છે.

કેટલાક વિદ્વાનો એલેન્ચસ અને ડાયાલેક્ટિકને વિવિધ ધ્યેયો સાથે મૂળભૂત રીતે જુદી જુદી પદ્ધતિઓ તરીકે જુએ છે, જ્યારે અન્યો તેમને સુસંગત અને સમાધાનકારી તરીકે જુએ છે. કેટલાક તેમને એક દલીલ પ્રક્રિયાના બે ભાગ તરીકે પણ જુએ છે, જેમાં એલેન્ચસ ખંડન કરે છે અને ડાયાલેક્ટિક રચના કરે છે.

**સોક્રેટીસના નૈતિક વિચારો :**

સોક્રેટીસ નૈતિક વિચારો માટે હમેશાં ચિંતિત રહેતા હતા. તેમણે પોતાના સંવાદો દ્વારા ન્યાય, ધર્મનિષ્ઠા, હિમત અને ડહાપણ જેવા ખ્યાલોને સમજવા અને સમજાવવા પ્રયાસો કર્યા છે. આ તેમનાં નૈતિક વિચારોએ પાછળથી નૈતિક ફિલસુફીનો પાયો પણ નાખ્યો.

**જ્ઞાન,સદ્ગુણ અને ડહાપણ:**

સોક્રેટીસ માનતા હતા કે સાચો ગુણ જ્ઞાનનો પર્યાય છે. તેમણે દલીલ કરી હતી કે વ્યક્તિઓ અજ્ઞાનતાને કારણે ખોટું વર્તન કરે છે, ઇરાદાપૂર્વક તેઓ આવું કરશે નહી. અને એટલે જ તેમણે ડહાપણની શોધને નૈતિક સુધારણા માટે જરૂરી માન્યું. જ્ઞાન, સદ્ગુણ અને ડહાપણ એ બધા સમાન છે, કારણ કે માણસ જે વિચારે છે તે મુજબ ક્રિયા કરે છે જે અને તે તેને સૌથી વધુ સુખ આપશે. જેમ વ્યક્તિ પાસે વધુ જ્ઞાન તેમ વ્યક્તિ વધુ શાણપણ ભર્યું વર્તન કરશે. સોક્રેટીસના નૈતિક વિચરનો પહેલો સિધ્ધાંત "પોતાને જાણો" એવો છે.

**વ્યવહારિક નીતિશાસ્ત્ર :**

સોક્રેટીસનો નૈતિક સિદ્ધાંત વ્યવહારિક છે. તેમના મતે, સારા સિદ્ધાંતો કરતાં સારા કાર્યો વધુ મહત્વપૂર્ણ છે. સોક્રેટીસ નૈતિક પ્રશ્નો અને "સારા જીવન" ની શોધમાં હમેશાં વ્યસ્ત રહેતા હતા. તેમણે પાદરીઓ અને શાસકોના ધર્મશાસ્ત્રીય નિર્દેશોને બદલે માનવ જીવન પર આધારિત નૈતિક પ્રણાલી સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો. તેમણે એ પણ ભારપૂર્વક કહ્યું કે જ્ઞાન રાજકીય સત્તા માટે નથી. તેમણે પોતાના વિદ્યાર્થીઓ પાસેથી પોતાના કામ માટે કોઈ દિવસ નાણાકીય માંગણી કરી નહોતી અને તેથી તેમનાં ઘણાં વિદ્યાર્થીઓ તેમને કટ્ટર રીતે વફાદાર હતા.

**સંશયવાદ અને રૂઢિવાદનો વિરોધ :**

સોક્રેટીસે હમેશાં સંશયવાદ અને રૂઢિવાદનો વિરોધ કર્યો છે. સંશયવાદીઓનાં મતે કોઈ ઉદેશ  નૈતિકતા સાથે જોડાયેલ હોતો જ નથી બધી જ ક્રિયાઓ એક યા બીજા દ્રષ્ટિકોણથી સમાન રીતે યોગ્ય હોય છે. જયારે રૂઢીવાદીઓનો મત એ હતો કે નૈતિક નિયમો આપણા પૂર્વજો દ્વારા ઘડવામાં આવ્યા છે અને સમયના સંદર્ભમાં પરિવર્તન તેને અસર કરતું નથી. તેથી, નૈતિકતા એ નિશ્ચિત અને અટલ નિયમોની સંહિતા હતી જેને અનુસરવા માટે કોઈ કારણનો ઉપયોગ કરવાની જરૂર નથી. સોક્રેટીસે ઉપરોક્ત બન્ને વિચારોની વચ્ચેનો માર્ગ પસંદ કરેલ છે અને તેમણે દલીલ કરી હતી કે વ્યક્તિગત અને સામાજિક સુખાકારી માટે સદાચારી અને દાર્શનિક બન્ને રીતે જીવવું જરૂરી છે.

**મૂળભૂત સિદ્ધાંતો :**

**1.જ્ઞાનનું આદાન પ્રદાન :**

સોક્રેટીસ માટે જ્ઞાનનું આદાન પ્રદાનએ ખુબ મહત્વપૂર્ણ બાબત હતી. તેઓ માનતા હતા કે સંપૂર્ણ જ્ઞાન સાથે વ્યક્તિનો વિકાસ સંપૂર્ણ રીતે થાય છે. તેથી જો વ્યક્તિ પાસે જ્ઞાનનો અભાવ હોય તો તેમણે બીજા પાસેથી જ્ઞાન મેળવતા રહેવું જોઈએ. અને પોતાનું જ્ઞાન બીજાને આપતા રહેવું જોઈએ. આમ કરવાથી જ્ઞાનનું આદાન પ્રદાન થશે અને સાથે વ્યક્તિનો વિકાસ થશે.

**2.સંવાદ અને પ્રશ્નોત્તર:**

સોક્રેટિસનો મુખ્ય ઉદેશ સંવાદ અને પ્રશ્નોતર સાથે જોડાયેલ છે. તે કહેતા કે સંવાદથી પ્રશ્નો ઉભા થશે અને પ્રશ્નોથી વિચાર અને આ વિચાર એ વ્યક્તિના જ્ઞાનમાં વૃદ્ધિ કરવાનું કામ કરશે. તેથી સંવાદ સાથે પ્રશ્નોતરી ખૂબ જરૂરી છે.

**3.આત્મવિકાસ:**

તેમણે માનવ આત્મવિકાસને પણ અત્યંત મહત્વપૂર્ણ ગણેલ છે. તે માનતા હતા કે માનવ આત્માએ સતત પ્રગતિ કરતી રહેવી જોઈએ અને જીવનના વિભિન્ન ક્ષેત્રોમાં સુધારા પણ કરતાં રહેવા જોઈએ.તેમણે આત્મવિકાસને આત્મજ્ઞાન સાથે પણ જોડેલું છે. આત્મવિકાસના સિદ્ધાંતના અમલથી વ્યક્તિને શિક્ષણ, સામાજિક સંબંધો, અને આત્મપરિચયમાં મદદ મળશે.

**4.આત્મ-પરીક્ષણ :**

સોક્રેટીસ માટે આત્મ-પરીક્ષણ અત્યંત મહત્વપૂર્ણ બાબત હતી. તે માનતા હતા કે આપણે પરંપરાગત ધાર્મિક અને સામાજિક મૂલ્યોનું અનુસરણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. અને જ્યાં આપણને પ્રશ્ન ઊભો થાય ત્યાં અટકી જવું જોઈએ અને તેનો જવાબ મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. સોક્રેટીસનો એવો મત હતો કે જ્ઞાનની શોધમાં અજ્ઞાનનો સ્વીકાર કરવો એ વ્યક્તિમાં રહેલો એક શક્તિશાળી ગુણ છે. અને વ્યક્તિએ શરુ કરેલી આત્મ-પરીક્ષણની યાત્રામાં તે તેને ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

**સંદર્ભ સૂચી :**


1. The Cambridge dictionary of philosophy. General editor: Robert Audi. Cambridge: Cambridge University Press, 1999.
2. The encyclopaedia of philosophy - Supplement. Editor in chief: Donald M Borchert. New York; London: Simon & Schuster; Macmillan; London: Simon & Schuster and Prentice Hall International, 1996.
3. Kraut, Richard (August 16, 2017). "Socrates". Encyclopaedia Britannica. Encyclopaedia Britannica, Inc. Retrieved 20 November 2017.
4. Moral Philosophy - The Discovery of Ethics: Socrates Jacques Maritain Centre Accessed November 24th, 2017.
5. James Rachels - The Legacy of Socrates: Essays in Moral Philosophy Columbia University Press, 2007.
6. Bernas, Richard, cond. Socrates. By Erik Satie. LTM/Boutique, 2006.
7. 25 European Political Philosophers: A Handbook, Shaheed Hussain Raja, Amazon.com, 2023
8. https://www.britannica.com/biography/Socrates
9. https://en.wikipedia.org/wiki/Socrates
10. https://google.com/Socrates
11. https://chat.openai.com/Socrates